1. મધ્યયુગમાં ભારતના ઈતિહાસમાં કયા નોંધપાત્ર રાજાઓ થયા?

➢ મધ્યયુગમાં ભારતના ઈતિહાસમાં આ નોંધપાત્ર રાજાઓ થયા : (1) સ્વાભિમાની અને મહાન રાજપૂત શાસક મહારાણા પ્રતાપ, (2) બિનસાંપ્રદાયિક અને મહાન મુઘલ સમ્રાટ અકબર, (3) ન્યાયપ્રિય શાસક જહાંગીર, (4) મહાન શાસક છત્રપતિ શિવાજી, (5) શિલ્પ અને સ્થાપત્યપ્રેમી તથા સુવર્ણયુગ સર્જક શાહજહાં, (6) ભવ્ય કળા અને સંસ્કૃતિપ્રેમી તથા દેશવિદેશમાં વિખ્યાત વિજયનગરનો સમ્રાટ કૃષ્ણદેવરાય, (7) પ્રજાકલ્યાણવાદી રાજા સિદ્ધરાજ જયસિહ, 8) દક્ષિણ ભારતમાં નૌકા સામ્રાજ્ય ધરાવનાર અને ઉદારમતવાદી ચોલવંશી રાજેન્દ્ર પ્રથમ, (9) સુધારાવાદી અને વિસ્તારવાદી અલાઉદ્દીન અને (10) સાદગીપૂર્ણ છતાં ધમધ ઓરંગઝેબ.

2. આરબોએ વલભી પર કરેલા આક્રમણની સમજૂતી આપો.

➢ આરબોનું પ્રથમ આક્રમણ મુંબઈ અને થાણે પર થયું હતું અને બીજું આક્રમણ વલભી પર થયું હતું. ચીની પ્રવાસી યુએન-શ્વાંગ વલભીના ખૂબ જ વખાણ કર્યા છે. શીલાદિત્ય પ્રથમથી સાતમા સુધી આ નગર ઐશ્વર્ય, શિક્ષણ, વિદ્યા અને રાજસત્તાથી ધમધમતું હતું. વલભીના વૈભવથી પ્રભાવિત થઈ સિંધના આરબ સુબેદાર જુનેદે જ વલભી પર આક્રમણ કર્યું. પરિણામે વલભી વિધાપીઠનો નાશ થયો. વલભીના વિનાશ માટે મુસ્લિમનાં આક્રમણોને જવાબદાર માનવામાં આવે છે. મુસ્લિમ તારીખકાર અને ઈતિહાસવિદ અલબેરૂની નોંધ અનુસાર વલભી પર આક્રમણ કરનાર સિંધના એલમન્સુરા શહેરનો આરબ સૂબો હતો. તેમની નોંધ મુજબ વલભીપુરના ‘કાકુ’ નામના રાષ્ટ્રદ્રોહી વણિકે આરબ સૂબાને વલભી પર આક્રમણ કરવા પ્રોત્સાહન આપ્યું હતું. અન્ય આરબ તારીખ અનુસાર ઈ. સ. 758માં નિષ્ફળ દરિયાઈ હુમલાઓ પછી ઈ. સ. 1766માં અબ્દુલ મલિકે વલભી પર બીજો દરિયાઈ હુમલો કર્યો હતો.